@kkm1940 www.kkmtrust.org

કપડવંજ કેળવણી મંડળ

KAPADWANJ KELAVANI MANDAL
SINCE 1940 KKM
शिक्षा • संस्कार • सेवा • सहयोग

Affordable Education For All

પ્રતિભા

કપડવંજ કેળવણી મંડળનું મુખપત્ર (ફક્ત અંગત વિતરણ હેતુ)

સ્થાપના વર્ષ - ૧૯૪૦

સંપાદક: ઋચા આચાર્ય, સહ સંપાદક: મનીષા પટેલ , ડીઝાઇનર: હનવંત ઝાલા, માર્ગદર્શક: અનંતભાઈ શાહ, પ્રકાશક: કપડવંજ કેળવણી મંડળ

સવિતા કાંતિ ડિજિટલ સ્કિલિંગ પ્રોગ્રામ



કપડવંજ કેળવણી મંડળ સમાજના વિકાસ માટે સતત પ્રયન્તશીલ રહ્યું છે અને સમયાનુસાર વિવિધ સ્કીલ પ્રોગ્રામ ધ્વારા સમાજને એક ઉત્તમ સેવા આપી રહ્યું છે. કપડવંજ કેળવણી મંડળ અને ત્રિવેદી પરિવારના સંયુક્ત ઉપક્રમે સવિતા-કાંતિ ડિજિટલ સ્કીલ પ્રોગ્રામ હેઠળ કપડવંજ નગરની મહિલાઓ માટે વિનામૂલ્ય બેઝિકસ ઓફ કોમ્પ્યુટર એન્ડ ડિજિટલ એજ્યુકેશન પ્રોગ્રામ શરુ કરવામાં આવ્યો છે. આ પ્રોગ્રામની દ્રિતીય બેચમાં ૧૮ મહિલાઓ જોડાઈ. આ પ્રોગ્રામ અંતર્ગત તેમને માઈક્રોસોફ્ટ ઓફિસ, ઇન્ટરનેટ, કેનવા, ઇ-મેલ, પેઈન્ટ અને કોમ્પ્યુટરના હાર્ડવેરની તાલીમ આપવામાં આવી. અત્યાર સુધીમાં કુલ ૪૧ મહિલાઓ તાલીમ મેળવી ચુકી છે. તારીખ ૦૬/૦૨/૨૦૨૪ ના રોજ ઉપસ્થિતિ મહેમાન શ્રી અમીબેન સંજયભાઈ શાહ અને શ્રી સ્નેહાબેન પ્રતિકભાઈ ઓઝાના હસ્તે દ્રિતીય બેચની મહિલાઓને પ્રમાણપત્ર આપીને પ્રોત્સાહિત કર્યા. આ પ્રોગ્રામનું સંચાલન કરન દેસાઈ, મનીષાબેન પટેલ, હનવંતસિંહ ઝાલા, અને વિશાલ બારોટ દ્વારા કરવામાં આવ્યું. પ્રોગ્રામમાં ટ્રેઇન થયેલાના ફીડબેક અને પ્રોત્સાહક પરિણામોથી આ પ્રોગ્રામની તૃતીય બેચની શરૂઆત જલ્દી જ કરવામાં આવશે. વધુ માહિતી માટે કપડવંજ કેળવણી મંડળના કાર્યાલયમાં સંપર્ક કરશો.

સ્પંદન બાલમંદિર

નાના બાળકોનો શિયાળુ રમતોત્સવ





બાળકોના જીવનમાં ભણતરની સાથે સાથે ખેલ- કૂદનું પણ એટલું જ મહત્વ છે. રમતો બાળકોના સ્વાસ્થ્ય માટે ખૂબ જ જરૂરી છે રમતો દ્વારા બાળકમાં રહેલી સુષુપ્ત શક્તિઓ બહાર આવે તે હેતુસર શ્રી સ્પંદન બાલમંદિરમાં શિયાળુ રમતોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં બાળકો માટે સાદી દોડ, ઉંધી દોડ, કૂદકા દોડ, સંગીત ખુરશી, લીંબુ ચમચી, સાઇકલ દોડ વગેરે જેવી રમતોનું આયોજન કરવામાં આવ્યું હતું.

સ્પંદન બાલમંદિર

શ્લોક ગાન કાર્યક્રમ





કપડવંજ કેળવણી મંડળ સંચાલિત શ્રી સ્પંદન બાલમંદિરનાં બીજા વર્ષના બાળકોનો શ્લોક ગાન કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. જેમાં આશરે 35 જેટલા બાળકોએ ભાગ લીધો હતો. સંસ્કૃત ભાષામાં રસ કેળવાય બાળકોમાં બાળપણથી જ સારા સંસ્કારોનું સિંચન થાય તે હેતુસર આ કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. જેમાં ઉપસ્થિત માણેકલાલ દેસાઈ કિશોર મંદિરના આચાર્યાશ્રી યામિનીબેન પટેલ ધ્વારા બાળકો તથા વાલીઓને સંસ્કૃતિનું આપણા જીવનમાં શું મહત્વ છે તે સમજાવી,ભાગ લેનાર બાળકોને નાનકડી ભેટ આપી પ્રોત્સાહિત કર્યા હતા.

મોન્ટેસરીના સાધનોનું પ્રદર્શન





કપડવંજ કેળવણી મંડળ સંચાલિત શ્રી સ્પંદન બાલમંદિરમાં વાત્સલ્ય મિલનનું આયોજન કરવામાં આવ્યું. જેમાં મોટી સંખ્યામાં વાલીઓ ઉપસ્થિત રહ્યા હતા. જેમાં આચાર્યાશ્રી તરફથી શાળાકીય માહિતી આપવામાં આવી હતી તેમજ વિવિધ વિષયને લગતા સાધનોનું પ્રદર્શન ધ્વારા વાલીશ્રીઓને વિષયવાર જાણકારી આપવામાં આવી હતી.જેને વાલીઓએ રસપૂર્વક નિહાળી, સાંભળી હતી.

પ્રિ-પ્રાયમરીમાં ઉતરાયણની ઉજવણી





કપડવંજ કેળવણી મંડળ સંચાલિત પ્રિ-પ્રાયમરી વિભાગની શાળાઓમાં તારીખ 13/1/24 ને શનિવારના રોજ ઉત્તરાયણની ઉજવણી કરવામાં આવી.જેમાં બાળકોએ રંગબેરંગી પતંગો ચગાવી અને મજા કરી. સાથે શિક્ષકોએ પતંગ ચગાવતાં ધ્યાનમાં રાખવાની બાબતોની સમજ આપી.ઉજવણી બાદ શાળાના કેમ્પસમાં પડેલ ફાટી ગયેલી પતંગો તેમજ દોરા વગેરેની શાળાના વિદ્યાર્થીઓ દ્વારા સાફ-સફાઈ પણ કરવામાં આવી. જેનાથી બાળકોમાં સ્વચ્છતા અને સુરક્ષાની ભાવના અને સમજ દ્રઢ થાય છે.

શ્રી એસ.સી.દાણી પ્રાયમરી સ્કૂલ

ઋતુઓનો ગેલેરીવૉક





શ્રી એસ.સી.દાણી પ્રાઇમરી શાળામાં શિયાળો, ઉનાળો અને ચોમાસુ એમ ત્રણેય ઋતુઓનું પ્રત્યક્ષ પ્રદર્શન વિદ્યાર્થીઓ અને વાલીઓ સમક્ષ તા. ૦૨/૦૧/૨૦૨૪ ને મંગળવારે રજૂ કરવામાં આવ્યું. જેમાં ઋતુ આધારિત ફળો, શાકભાજી, પોશાક, તહેવારો અને ખોરાક વિશેની માહિતી પૂરી પાડવામાં આવી હતી.જેમાં મોટી સંખ્યામાં વાલીશ્રીઓ ઉપસ્થિત રહી બાળકો અને શિક્ષકોને પ્રોત્સાહિત કર્યા હતા.



શ્રી એમ.વી.પરીખ ઇંગ્લીશ મીડીયમ સ્કૂલ (નર્સરી)

જન્મદિવસની ઉજવણી





કપડવંજ કેળવણી મંડળ સંચાલિત શ્રી એમ. વી. પરીખ ઇંગ્લીશ મીડીયમ સ્કુલ (નર્સરી)માં તારીખ ૨૪/૦૧/૨૦૨૪ ને બુધવારના રોજ "સમૂહ જન્મદિવસ"ની ઉજવણી કરવામાં આવી હતી. કહેવાય છે કે "શિક્ષણ બદલાય છે સંસ્કાર ઘડાય છે, બાળકો પણ શ્રીરામ બનીને શાળાએ જાય છે" ત્યારે આપણી સંસ્કૃતિને ધ્યાનમાં રાખી કાર્યક્રમના આયોજનમાં સૌ પ્રથમ રામચંદ્રજીની પ્રાણ પ્રતિષ્ઠા ના મહોત્સવની ઉજવણીના ભાગરૂપે બાળકો રામ-લક્ષ્મણ-જાનકી અને હનુમાનજીના પાત્રોમાં સજ્જ થઈને આવ્યા હતા જેમનું ઉપસ્થિત મહેમાનો,બાળકો, વાલીગણ તેમજ શાળાના શિક્ષિકાઓએ સ્વાગત કર્યું હતું અને ટીચર્સ દ્વારા "રામ આયેંગે" ના ગીત ઉપર એક સુંદર કૃતિ રજૂ કરવામાં આવી હતી. ત્યારબાદ જુનિયર કેજી ના બાળકો દ્વારા ડાન્સ પર્ફોર્મ કરવામાં આવ્યા સાથે માતા અને બાળકનું પણ ડાન્સ પર્ફોર્મન્સ રજૂ કરાયું. ત્યારબાદ બાળકોને જન્મદિવસની શુભેચ્છા પાઠવી મોં મીઠું કરાવી તેમજ જન્મદિવસની ભેટ આપવામાં આવી.

બાલમંદિરના ભૂલકાઓનો શૈક્ષણિક પ્રવાસ







કપડવંજ કેળવણી મંડળ સંચાલિત ત્રણ પ્રિ-પ્રાયમરી વિભાગની શાળાના બાળકોનો અમદાવાદ કાંકરીયા શૈક્ષણિક પ્રવાસ યોજવામાં આવ્યો. બાળકોને કીડ્સ સિટી, પ્રાણીસંગ્રહાલય બતાવવામાં આવ્યું હતું. કિડ્સ સિટીમાં બાળકોને પ્રત્યક્ષ 108 ની ટ્રેનિંગ, બીઆરટીએસ બસ, લોક અદાલતમાં બાળકોએ જજ સાહેબ, પોલીસ, વકીલ જેવા પાત્રો ભજવ્યા હતા. તેમજ ફાયર બ્રિગેડની મોકડ્રીલ કરાવવામાં આવી. પ્રાણીસંગ્રહાલયમાં બાળકોને પ્રત્યક્ષ પશુ- પંખી બતાવવામાં આવ્યા હતા. તેમજ બાળકોને થિયેટરમાં લઈ જવામાં આવ્યા હતા. જેમાં બાળકોએ શહીદ વીર ભગતસિંહ, રાણી લક્ષ્મીબાઈ, સરદાર વલ્લભભાઈ પટેલ ના પાત્રો ભજવી તેમના નારા બોલાવ્યા હતા તેમજ બાળકોને અટલ એક્સપ્રેસ ટ્રેનમાં બેસાડી આખા કાંકરિયા નો સુંદર નજારો બતાવવામાં આવ્યો હતો. બાળકોએ પ્રવાસનો ખૂબ જ આનંદ માણ્યો હતો.

શ્રીમતી સી. ડી. ગાંધી ઈંગ્લીશ મીડિયમ સ્કૂલ

શિયાળુ રમતોત્સવ





બાળકોના જીવનમાં ભણતરની સાથે સાથે ખેલ- કૂદનું પણ એટલું જ મહત્વ છે. રમતો દ્વારા બાળકમાં રહેલી સુષુપ્ત શક્તિઓ બહાર આવે તે હેતુસર શ્રીમતી સી. ડી. ગાંધી ઈંગ્લીશ મિડીયમ સ્કૂલમાં શિયાળુ રમતોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સાદી દોડ, સંગીત ખુરશી, લીંબુ ચમચી, સાઇકલ દોડ વગેરે જેવી રમતોની સ્પર્ધા આયોજન કરવામાં આવ્યું. રમતો બાળકોના સ્વાસ્થ્ય માટે ખૂબ જ જરૂરી છે. આ સ્પર્ધા દ્વારા તેમનામાં રહેલી સુષુપ્ત શક્તિઓને ઓળખીને તેમને આગળ લઈ જવાનો પ્રયાસ કરવાનાં હેતુથી રમતોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું.

શાહ કે.એસ. આર્ટ્સ એન્ડ વી.એમ. પારેખ કોમર્સ કૉલેજ

ખેલ મહાકુંભમાં કપડવંજ કૉલેજના ખેલાડીઓ જિલ્લા કક્ષાએ વિજેતા





ખેલ મહાકુંભ-૨૦૨૪ અંતર્ગત કપડવંજમાં જિલ્લા કક્ષાની બેડમિંટન સ્પર્ધામાં કપડવંજ કૉલેજના ખેલાડીઓએ વિજેતા બની કૉલેજ અને કપડવંજ કેળવણી મંડળનું ગૌરવ વધાર્યું છે.જેમાં બેડમિન્ટન સિંગલ્સની સ્પર્ધામાં બોડાત અકુલ જે. પ્રથમ નંબરે વિજેતા થયા હતા અને ડબલ્સ ઇવેન્ટમાં પ્રજાપતિ દિવ્ય અને પંચાલ દીક્ષાંત પ્રથમ ક્રમે વિજેતા થયા હતા, સાથે મિક્સ ડબલ્સ ઇવેન્ટમાં ગઢવી જીત અને પટેલ મૈત્રી બીજા ક્રમે વિજેતા થયા હતા. શાહ કે. એસ. આર્ટ્સ એન્ડ વી. એમ. પારેખ કોમર્સ કૉલેજ કપડવંજના જિલ્લા કક્ષાના વિજેતા ખેલાડી તથા સ્પોર્ટ્સ ઇન્ચાર્જ સોઢા પરેશ.બી ને કપડવંજ કેળવણી મંડળના પદાધિકારીઓ, આચાર્યશ્રી ડૉ. ગોપાલ શર્મા અને કૉલેજના તમામ સ્ટાફ પરિવારના સભ્યોએ અભિનંદન આપી, રાજ્ય લેવલની આગામી સ્પર્ધા માટે શુભેચ્છાઓ પાઠવી હતી.